ગાંધીનગર સમાચાર

મારી દિકરી ચિત્રો દોરતા ખુશખુશાલ થઈ ગઈ તે કાંઈ ઓછુ છે સાહેબ??



## @ગાંધીનગર

● ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદ દ્વારા સાંજે ૫ કલાકે નમન એપાર્ટમેન્ટ, મહારાષ્ટ્ર ભવન, સે-૨૧ ખાતે સંસ્થાની માસિક બેઠક મળશે.

● સે-૧૭ ટાઉનહોલ ખાતે સવારે ૮.૩૦ કલાકે ગુરુજી અશ્વિનકુમાર પાઠકજીના સ્વ કંઠે સુંદરકાંડનો પાઠ યોજાશે.

● જી.એન.એલ.યુ. ગુજરાત નેશનલ લો યુનિ. રાયસણ ખાતે ઓડિટોરીયમના ઉદઘાટનનો કાર્યક્રમ સવારે ૯.૪૫ કલાકે યોજાશે.

- નજાહખાનમ સૈયદ

# તિથિઓની વધઘટ હોવા છતાં શારદીય નવરાત્રી નવ દિવસની જ ગણાશે

## બે એકમ, નોમ, દશેરા ભેગા પરંતુ આદ્યશક્તિનું આ પર્વ નવરાતના મહિમામાં સમાયેલું છે

દેવીની આરાધના અને ઉત્સવના સંગમ ગણાતી શારદીય નવરાત્રીનો મહિમા ખૂબ જ મહત્ત્વ ધરાવે છે. ભારતીય સંસ્કૃતિ પ્રાચીન અને શ્રેષ્ઠ પણ ગણાય છે. આપણું સામાજિક માળખું, ઉત્સવો, પરંપરાઓ અને તહેવારો વગેરે સામાજિક અને ધાર્મિક રીતે વિશિષ્ટ પ્રભાવ ધરાવતા હોય છે. જેમાં નવરાત્રીનું અનેરૂં મહત્ત્વ છે. આ વર્ષની નવરાત્રીઓમાં તિથિઓની વધઘટ છે છતાં પણ પંચાંગ અનુસાર નવરાત્રી નવ દિવસની જ ગણાશે અને ઉજવાશે અને મા જગદંબાના નવ સ્વરૂપોની પૂજા-અર્ચના નવ દિવસ-રાત મુજબ જ થઈ શકશે.

સામાજિક અને ધાર્મિક રીતે આવતા તહેવારો અને પ્રસંગો પંચાંગ આધારે નક્કી થતા હોય છે. શાસ્ત્રી ભરતભાઈએ આ અંગે વિગતવાર માહિતી આપતાં જણાવ્યું હતું કે તિથિ, વાર, નક્ષત્ર, યોગ અને કરલી એ પાંચ વસ્તુનો યોગ પંચાંગ કહેવાય છે અને તે આકાશમાં સૂર્ય અને ચંદ્રની ગતિ ઉપર આધારિત છે. તે જ રીતે સૂર્ય અને ચંદ્ર વચ્ચેનું અંતર દર્શાવનારી સંજ્ઞા તે તિથિ કહેવાય છે. આ વર્ષે શરૂ થનાર શારદીય નવરાત્રીમાં તિથિઓની વધઘટ બની છે. છતાં પણ નવરાત્રી નવ દિવસની જ રહેવાની છે.

ભરતભાઈ શાસ્ત્રી જણાવે છે



કે આસો સુદ એકમ, મંગળવાર, તા. ૧૩-૧૦-૧૫થી નવરાત્રી શરૂ થાય છે અને આ વૃધ્ધિ તિથિ હોવા છતાં નવરાત્રીનો આરંભ આ જ દિવસે કરવો જોઈએ. જેમાં ઘટસ્થાપન માટે સવારે ૧૦થી ૧૨.૩૦નો સમય શ્રેષ્ઠ માનવામાં આવ્યો છે. ત્યારબાદની તિથિઓ નિયમિત છે, જે પછી મહા અષ્ટમી એટલે કે દુર્ગાષ્ટમી તારીખ ૨૧-૧૦-૧૫ ને બુધવારે આવશે, જે બપોરના ૧.૩૦ સુધી ગણી શકાય છે અને આ જ દિવસે નોમનો ચંદ્ર ઉગવાથી ૧.૩૦ પછી મહાનવમી ગણાય છે. જ્યારે વિજયા દશમી ગુરુવાર તા. ૨૨-૧૦-૧૫ના રોજ ૨.૩૦ પછી ગણાય છે.

આમ તિથિઓ દિવસ અને રાત દરમ્યાન ગણીએ તો એક તિથિનું સંકલન થાય છે જેથી નવરાત્રીની સમાપ્તિ જે નોમના દિવસે કરતા હોય તે બુધવાર, તા. ૨૧-૧૦-૧૫ના રોજ કરી શકે છે. દશેરામાં બે પૂજન થતા હોય છે, જેથી ગુરુવારના રોજ આયુધપૂજન માટે ૧૨.૨૦થી ૧.૩૦ શ્રેષ્ઠ છે અને શમી પૂજન માટે સાંજે ૪.૩૦થી ૬.૩૦નો સમય શ્રેષ્ઠ ગણવામાં આવ્યો છે.

આમ નવરાત્રી નવ દિવસ અષ્ટસિદ્ધિ અને નવનિધિની પ્રાપ્તિ માટે શ્રેષ્ઠ ગણાય છે અને જપ-તપ અને ઉપવાસનું મહત્ત્વ છે તો નવલી નવરાત્રીમાં ગરબે ઘૂમવા થનગની રહેલા ખેલૈયાઓ માટે પણ મહત્ત્વનો ઉત્સવ બન્યો છે.

## વાતવાતમાં

● સે-૨માં થોડા દિવસ પહેલા એક કથાકાર રીક્ષામાં આવ્યા અને વસાહતીઓ સમક્ષ કથા કરવાની ઈચ્છા વ્યકત કરી. માત્ર એક જ દિવસમાં કથાના મંડપ પણ રોપાઈ ગયા અને ભાગવત કથા સપ્તાહનું આયોજન થઈ ગયું જે પૂર્ણતાને આરે પહોંચ્યું છે.

● ચ-૨ સર્કલ પાસે સમી સાંજે એક લકઝુરીયસ કાર સીગ્નલ બતાવીને સાઈડમાં પાર્ક થવા જઈ રહી હતી ત્યારે ત્રણ લબરમૂછીયા યુવકો પુરપાટ ઝડપે સ્કુટર પર આવી કારના પાછળના ભાગે ટકરાયા હતા. ત્રણ સવારીમાં આવેલા યુવકો પાસે લાઈસન્સ પણ નહોતું અને હેલ્મેટ પણ નહોતી પહેરી.

● ઘ-૫ થી ઘ-૬ તરફ જતા ગુરુકુલ સ્કુલના ખાંચા પાસે વારંવાર અકસ્માતો સર્જાતા હોવાથી સે-૨૩ના રહીશોમાં અહીં સ્પીડબ્રેકર બમ્પ મુકવાની માંગ જોર પકડી રહી છે. આશ્ચર્યની વાત છે કે ગુરુકુલ સ્કુલ ના રોજના હજારો બાળકો અહીંથી પસાર થતા હોવા છતાં તંત્ર એ બમ્પ મુકવાનું યોગ્ય સમજયું નથી.

● સેકટરોમાં શેરી નવરાત્રિના આયોજનોએ હવે સ્પીડ પકડી છે. સે-૨૪માં અંબાજી ચોકમાં થતી નવરાત્રિના આયોજકોએ શોપીંગ સેન્ટરના વેપારીઓ પાસે પ્રેમથી ફાળો ઉઘરાવ્યો હતો.

● આગામી નવરાત્રી મહોત્સવના પ્રથમ દિવસે યોજાનાર વાઈબ્રન્ટ નવરાત્રી ફેસ્ટીવલમાં ગાંધીનગરના ૫૦ થી વધુ કલાકારો ભાગ લઈ રહ્યા છે. દર વખતની જેમ વાઈબ્રન્ટમાં ગાંધીનગરનો દબદબો યથાવત રહ્યો છે તે ઉલ્લેખનીય છે. અમદાવાદના જીએમડીસી ગ્રાઉન્ડ ખાતે વાઈબ્રન્ટ નવરાત્રી યોજાનાર છે.

- સમીર રામી
૯૯૨૪૪૪૬૬૪૫

## સે-૭ની સરકારી શાળામાં નિબંધ સ્પર્ધા અને વકતૃત્વ સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા.૪

લાયોનેસ કલબ ગાંધીનગર દ્વારા સેકટર-૭ની સરકારી શાળામાં ગાંધી જયંતિ નિમિત્તે નિબંધ સ્પર્ધા અને વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. શાળાના ૩૦થી વધુ વિદ્યાર્થીઓએ સ્પર્ધામાં ભાગ લીધો હતો અને ગાંધીજીના જીવન ચરિત્ર વિશે નિબંધ તથા વકતૃત્વ સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ ખુબ જ સુંદર દેખાવ કરી પોતાની આંતરિક શકિતને ખીલવી હતી. સ્પર્ધામાં નિર્ણાયક તરીકે નિશીતા ગાંધી અને પલ્લવી ગુપ્તે હાજર રહ્યા હતા. વિજેતા બનેલ વિદ્યાર્થીઓને કલબ દ્વારા ઈનામો આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. સ્પર્ધામાં લાયોનેસ કલબના પ્રમુખ વૈશાલી જોષી, સેક્રેટરી દક્ષા જાદવ તથા કલબના અન્ય સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમમાં સેકટર-૭ની શાળાના આચાર્યા જાગૃતિબેન કડીયા તેમજ સ્ટાફનો પૂરો સહકાર પ્રાપ્ત થયો હતો.

## ક્રાંતિવીર પંડિત શ્યામજી કૃષ્ણ વર્માની જન્મજયંતિએ મુખ્યમંત્રીશ્રીની ભાવાંજલિ

ગાંધીનગર, તા.૪

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટલે ક્રાંતિવીર પંડિત શ્યામજી કૃષ્ણ વર્માની ૧૫૯મી જન્મજયંતિએ તેમના તૈલચિત્રને પુષ્પાંજલિ અર્પણ કરી આદરભાવ વ્યકત કર્યો હતો.




મુખ્યમંત્રીશ્રીએ વિધાનસભા પોડિયમમાં પંડિત શ્યામજી કૃષ્ણ વર્માના તૈલચિત્ર સમક્ષ પુષ્પાંજલિ અર્પણ કરી તે વેળાએ રાજયમંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજા, વિધાનસભા ઉપાધ્યક્ષશ્રી આત્મારામભાઈ પરમાર, નાયબ મુખ્ય દંડકશ્રી આર.સી. પટેલ, ધારાસભ્યો, ગાંધીનગરના મેયરશ્રી, જિલ્લા પંચાયત પ્રમુખશ્રી અને પદાધિકારીએ પણ પુષ્પાંજલિ અર્પણ કરી કૃતજ્ઞતા પ્રગટ કરી હતી.

## હૃદયરોગ પરનો લેખ મોકલનાર અમૃતભાઈ છપાતા પહેલાં જ ભોગ બન્યા

ગાંધીનગર, તા.૨

વધતા જતાં હૃદયરોગના દર્દીઓને બાયપાસ સર્જરીના વિકલ્પે નવી શોધાયેલી ચેલેશન સારવાર પધ્ધતિ અંગે જાણકારી આપવાની ઈચ્છા ધરાવતા ગાંધીનગરના વરિષ્ઠ નાગરિક શ્રી અમૃતભાઈ મોઢનું હૃદયરોગના તીવ્ર હુમલામાં અવસાન થયું તેના માત્ર એક જ દિવસ પહેલા તેઓએ આ સારવાર પધ્ધતિ અંગેની વિગતો આ અખબારને પહોંચતી કરી હતી. હજુ તો તેઓએ આપેલ લેખ છપાય તે પહેલા તો હાર્ટ એટેકના કારણે તેઓ સ્વધામ પહોંચી ગયા હોય તેવો કરુણ સંયોગ અખબાર માટે સર્જાયો હતો.

ગાંધીનગરના વરિષ્ઠ નાગરિક અને છેલ્લા ઘણા વર્ષોથી ગાંધીનગરની સામાજિક સંસ્થાઓ અને તેની પ્રવૃત્તિઓ સાથે સક્રિયતાથી સંકળાયેલા છે. તેઓ વરિષ્ઠ નાગરિક કલ્યાણ ટ્રસ્ટના પ્રમુખ હતા. હજુ થોડાક દિવસ પહેલાં જ ગાંધીનગરના વરિષ્ઠ નાગરિકો અને મિત્રો સાથે સરહદી બનાસકાંઠા જિલ્લાની મુલાકાતે જવા નીકળેલા શ્રી અમૃતભાઈ મોઢનું હજુ તો બસમાં બેઠા ત્યાં જ તેઓને હૃદયરોગનો તીવ્ર હુમલો આવ્યો અને તેઓને હોસ્પિટલ પહોંચાડી શકાય તે પહેલા તો તેઓ



સ્વધામ પહોંચી ગયા હતા. ગાંધીનગર સમાચાર માટે આ ખબર એટલા માટે વધુ આઘાતજનક છે કે તેઓનું હૃદયરગના હુમલામાં અવસાન થયું તેના માત્ર એક જ દિવસ પહેલા તેઓએ હૃદયરોગના દર્દીઓને બાયપાસ સર્જરી ન કરાવવી પડે તે માટે નવી શોધાયેલી ચેલેશન સારવાર પધ્ધતિની વિગતો આ અખબારને મોકલાવી હતી. તેઓએ આપેલી વિગતોમાંથી હજુ તો લેખ તયાર કરી અખબારમાં છપાય તે પહેલાં જ તેઓ સ્વધામ પહોંચી ગયા હતા તે આ અખબાર માટે ખુબ દુઃખદ સંયોગની વાત છે. અન્યોની હંમેશા દરકાર રાખનાર શ્રી અમૃતભાઈ મોઢના આત્માને ઈશ્વર શાંતિ આપે.

# વાવોલ ગામમાં ટાયર ચોરો સક્રીય

ગાંધીનગર, તા.૪

શહેરને અડીને આવેલા વાવોલ ગામમાં રાત્રી દરમિયાન ત્રણ ત્રણ સ્થળોએથી જુના ટાયરોની ચોરી થઈ જવા પામી છે. ક રોડ પર આવેલા આ ત્રણેય સ્થળો પર દુકાન બહાર મુકેલા જુના ટાયરોનો જથ્થો કોઈ ઉપાડી ગયું હતું. ટાયર ચોરો વાવોલમાં સક્રીય થતા હવે દુકાનદારોએ જુના ટાયરો પણ દુકાનમાં સંતાડવાનું શરુ કરી દીધું છે. જો કે આ ચોરીઓ અંગે કોઈ પોલીસ ફરિયાદ કરવામાં આવી ન હોવાનું જાણવા મળ્યું છે.

વાવોલ ગામમાં ક રોડ ઉપર કોલવડા ચોકડી, વિજય એપાર્ટમેન્ટ સામે અને પેટ્રોલ પંપ પાસે મળીને ત્રણ સ્થળો એવા છે જયાં ટાયર પંચરનું નાની દુકાનો ખોલીને પંચર મરામતનું કામ દુકાનદારો કરે છે. રસ્તા પરથી અવર જવર કરતા વાહનચાલકોનું ધ્યાન જાય તે માટે સેકન્ડ હેન્ડ જુના ટાયરોનો પીરામીડ બનાવીને દુકાન બહાર રાખતા હોય છે જેમાં કેટલાક સારા તો કટલાક ખરાબ ટાયરો પણ હોય છે. રાત્રી દરમિયાન આ ટાયરો પર નજર નાંખીને ટાયર ચોરો સારા સારા ટાયરોની ઉઠાંતરી કરીને ભાગી ગયા હતાં. ત્રણેય સ્થળેથી આવા ટાયરો ઉપાડી ગયા હોવાનું ધ્યાન આવ્યું છે. જુના ટાયરો પણ અંદાજે આઠેક હજારની કિંમતના હશે! જો કે આ ટાયર ચોરીના બનાવ અંગે પોલીસ ફરિયાદ નોંધાવા પામી નથી પરંતુ નવાઈની વાત તો એ છે કે ક-રોડ પર જ કોલવડા ચોકડી પાસે પીસીઆર વાન પણ દરરોજ ઉભી રહેતી હોય છે અને અનોક ઓવરલોડ ટ્રકને પકડી દંડ વસુલી કરતી હોય છે તેમનું ધ્યાન પણ માત્ર 'વસુલી'માં જ હોય છે કે શું..?



ઉમિયા માતાજી સંસ્થા, સેક્ટર-૧૨ ખાતે રવિવારે નિઃશુલ્ક રોગનિદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું, જેનો લાભ મોટી સંખ્યામાં નગરજનોએ લીધો હતો. (તસવીર : કશ્યપ નિમાવત)

## આઈ.પી.એસ. વિપુલ વિજોયનું મુકામ બદલાયું

ગાંધીનગર, તા.૪

વિવાદાસ્પદ બનેલ આઈ.પી.એસ. અધિકારી વિપુલ વિજોયનું નિવાસસ્થાન આઈ.પી.એસ. મેસ ખાતે કરાયું છે. કરાઈ પોલીસ એકેડેમી ડાયરેકટર બંગ્લો ખાલી કરાયો છે.



રવિવાર એ સમગ્ર જીવસૃષ્ટિને મહત્ત્વ આપનારા મહાન સંત ફ્રાન્સીસના જન્મદિવસ હતો. વિશ્વભરના કેથલિક સંપ્રદાયીઓએ આ દિવસની સામાજિક કાર્ય દિવસ તરીકે ઉજવણી કરી હતી. ગાંધીનગર શહેરમાં સૅક્ટર-૮ ખાતે સ્થિત કૅથલિક ચર્ચ ખાતે સિવિલ હૉસ્પિટલના સૌજન્યથી રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. (તસવીર : કશ્યપ નિમાવત)

# મારી દિકરી ચિત્રો દોરતા ખુશખુશાલ થઈ ગઈ તે કાંઈ ઓછુ છે સાહેબ??

ગાંધીનગર, તા.૪

ગાંધીનગરના પથિકાશ્રમ બસ ડેપો નજીક રોડની સાઈડમાં પાર્ક થયેલી કાર પાસે એક મહિલા અત્યંત આકુળ વ્યાકુળ અવસ્થામાં ઉભી હતી. વારે ઘડીએ મોબાઈલ ફોન પર વાત કરતી હતી અને કયાંક જવાની ઉતાવળમાં હોય પરંતુ મોડું થઈ રહ્યું હોય તેવી તેની બોડી લેંગ્વેજ જણાઈ આવતી હતી. થોડી વારમાં એક ઓટોરીક્ષા ત્યાં આવીને ઉભી રહી તેમાંથી એક પુરુષ, બે મહિલા અને બે બાળકીઓ ઉતરી તેમને જોતા વેંત પેલી મહિલાના ચહેરા પર ચમક આવી ગઈ.

આ વાત છે સપ્ટેમ્બર મહિનાની ૨૬મી તારીખની જયારે અમદાવાદની ગુજરાત યુનિવર્સિટીના કન્વેશનલ હોલ ખાતે એક વિશ્વ વિક્રમ રચાવા જઈ રહ્યો હતો. સોસાયટી ફોર ધી વેલ્ફેર ઓફ મેન્ટલી રીટાયર્ડ અને વસ્ત્રાપુરના અંધજન મંડળના સંયુકત ઉપક્રમે યોજાયેલ 'મારૂતિ નંદન રંગ કી જંગ' ચિત્ર સ્પર્ધામાં આશરે ૨૩૦૦ જેટલા માનસિક રીતે અશકત બાળકો એક સાથે ચિત્ર દોરી વિશ્વ વિક્રમ સ્થાપવાના હતા. ગાંધીનગરની હેત ફાઉન્ડેશન દ્વારા નગરના ૧૮ બાળકોનું આ ચિત્ર સ્પર્ધા માટે રજીસ્ટ્રેશન કરવામાં આવ્યું હતું. આ બાળકોમાંથી મોટા ભાગના બાળકો પાટનગરના કોઈ સરકારી અધિકારી અને વ્યવસાયિકો હોવા સાથે સુખી સંપન્ન પરિવારના હતા જયારે ૨ બાળકો ગાંધીનગર તાલુકાના અંતરિયાળ ગામ દોલારાણા વાસણા ગામના દલિત શ્રમજીવી પરિવારના હતા.



માનસિક વિકલાંગતા ધરાવતા બાળકો માટે કાર્યરત સંસ્થા હેત ફાઉન્ડેશનના ફાઉન્ડર મીરાબેન ગઢવીને એમ હતું કે નગરના સુખી સંપન્ન પરિવારના બાળકોને લઈને તેમના માતા પિતા આ સ્પર્ધામાં જરૂર આવશે. કદાચ મોડા પડશે તો પોતાની કાર લઈને પણ આવી જશે. જો કે તેમણે તમામ બાળકોને સ્પર્ધામાં લઈ જવા માટે વાહનની વ્યવસ્થા કરી દીધી હતી. પરંતુ જેમ જેમ તારીખ નજીક આવતી ગઈ તેમ તેમ પાટનગરના વાલીઓ પોતાના માનસિક વિકલાંગ બાળકની ખુશી કરતા પણ અગત્યના કાર્યોમાં વ્યસ્ત હોવાના બહાને સ્પર્ધામાં સામેલ થવા બાબતે અસમર્થતા દર્શાવવા લાગ્યા હતા. લગભગ છેલ્લી ઘડીએ પાટનગરના બાળકોમાંથી માત્ર એક વાલીનો ફોન આવ્યો કે 'મેડમ અમે આવીએ છીએ પરંતુ અમારે થોડું મોડું થશે, રાહ જોશો?' મીરાબેને



**માનસિક વિકલાંગતા ધરાવતા ૨૩૦૦ બાળકોએ એક સાથે ચિત્રો દોરી વિશ્વ વિક્રમ સ્થાપ્યો હતો : આ સ્પર્ધામાં ગાંધીનગરના ૧૮ બાળકોના વાલીઓએ નામ નોંધાવ્યું હતું પરંતુ આવ્યા માત્ર ૪, એમાંથી ૨ બાળકોના વાલીઓના ખિસ્સામાં ભાડાના પૈસા પણ નહોતા : કેવી રીતે પહોંચ્યા તેની રસપ્રદ કહાની**

કહ્યું, 'હા, પણ બહુ મોડું ના કરતા.' બાળક અને નજીકના વિસ્તારમાંથી વધુ એક બાળક મળીને બેની સંખ્યા હાજર થઈ હતી. સવારે ૮ કલાકે એસટી ડેપો પાસે સૌએ એકઠાં થઈ નિયત વાહનમાં અમદાવાદ જવાનું હતું. લગભગ ૮.૩૦ વાગે દોલારાણા વાસણા ગામના બે બાળાઓને લઈ વાલીઓ રીક્ષામાં આવી પહોંચ્યા. અંતે અત્યંત આકુળ વ્યાકુળ ભરેલી પરિસ્થિતિમાં હતા ત્યારે પેલા બે બાળાઓને લઈ વાલીઓ રીક્ષામાં આવી પહોંચ્યા.

વાત આટલી નથી, વિશ્વવિક્રમ તો રચાયો પણ આ બંને બાળાઓના વાલીઓનું આ વિક્રમ પાછળનું પ્રદાન વિશ્વથી અજાણ્યું બની રહ્યું. સાત વર્ષની કિંજલ અલ્કેશભાઈ દંતાણી અને છ વર્ષની રોશની અજય દંતાણીએ





આ સ્પર્ધામાં જઈ ચિત્રો દોર્યા તેમાં તેમના માતા-પિતાના પ્રેમની પરાકાષ્ઠા સામેલ હતી કારણ કે આ પરિવાર એવા છે કે જેમને રોજનું બે ટંક ખાવા માટે રોજ મજુરીએ જવું પડે છે. ખેતરમાં 'દહાડી' કરી જે મળે તેનાથી તેમનો ચુલો સળગે છે. તે દિવસે ગાંધીનગર સુધી પહોંચવા કિંજલ અને રોશનીના મા-બાપ વહેલી સવારે મજુરી કરવા ગયા અને તેમાંથી મળેલા પૈસામાંથી રૂ.૧૫૦ના ભાડે સ્પેશિયલ ઓટો રીક્ષા કરીને પહોંચ્યા હતા. ખીસ્સામાં ભાડાના પણ પૈસા નહોતા એટલે પહેલા મજુરી કરવા ગયા અને મજૂરીમાંથી મળેલા પૈસે સમયસર પહોંચવા ઓટો રીક્ષા કરી. કિંજલને લઈને તેના માતા રેખાબેન અને પિતા અલ્કેશભાઈ આવ્યા હતા જયારે નાનકડી રોશનીને લઈ તેના દાદી ગલીબેન સાથે આવ્યા હતાં.

જયાં પાટનગરના ખાધે પીધે



સુખી ઘરના સંતાનો પાછળ દુનિયાને દેખાડવા અવનવા ઈન્સ્ટ્રુમેન્ટસ થમાવી દેતા મા-બાપને જેમને પોતાના બાળક માટે સમય જ ના મળ્યો ત્યાં આ દલિત પરિવારના વાલીએ પોતાની દિકરીઓ અને તે પણ માનસિક વિકલાંગ હોવા છતાં તેની ખુશી માટે જાત ઘસી નાખી. કિંજલની માતાને જયારે પુછયું કે આ કાર્યક્રમમાં ભાગ લેવા તમે આટલી દોડા દોડ કરી તો તમને શું મળ્યું? રેખાબેને કહ્યું મારી દિકરીને ચિત્રો દોરીને ખુશખુશાલ થતી જોઈ એ કાંઈ ઓછું છે સાહેબ? રોશનીના દાદી કહે, 'મારી રોશનીએ જે કાંઈ લીટા કર્યા ત્યાં તેમાં અમને જે સંતોષ મળ્યો તે અત્યાર સુધી કયારેય મળ્યો નહોતો.'

## વિધાનસભા ગૃહમાં ગાંધી પ્રિય ભજનોનો કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૪

નહેરુ યુવા કેન્દ્ર ગાંધીનગર દ્વારા ગાંધીજીની જન્મ જયંતિ નિમિત્તે 'સ્વચ્છ ભારત મિશન' અંતર્ગત વિધાનસભા સંકુલ ખાતે ગાંધીજીના પ્રિય ભજનોનું ગાન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મોટી સંખ્યામાં લોકો એકત્ર થયા હતાં.

ગાંધી જયંતિ નિમિત્તે નહેરુ યુવા કેન્દ્રના યુવા મિત્રોએ વિધાનસભા સંકુલમાં આવેલ ગાંધીજીની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પી હતી. આ પ્રસંગે ઉપસ્થિત વિધાનસભાના સ્પીકર ગણપતભાઈ વસાવાએ 'સ્વચ્છ મિશન ભારત મિશન' અંગે સ્વચ્છતાના શપથ યુવા મિત્રોને લેવડાવ્યા હતા. ગ્રામ પંચાયત, યુવક મંડળો, મહિલા મંડળો દ્વારા ગ્રામકક્ષાએ ભીંત સુત્રો, લેખન, સફાઈ અભિયાન, સ્વચ્છતાના શપથ, સહિત વિવિધ સ્પર્ધાનુંઆયોજન આગામી તા. ૩૧ ઓકટોબર સુધી કરવામાં આવ્યુંછે. જયારે ૧૫ ઓટોબરના રોજ હેન્ડવોશ ડે નિમિત્તે વિશેષ આયોજન ગાંધીનર નજીક આવેલ આમજા ગામે કરવામાં આવ્યુંછે. આ પુષ્પાંજલી કાર્યક્રમ પ્રસંગે વિધાનસભા અધ્યક્ષ ગણપતભાઈ વસાવા, ડી.એમ. પટેલ, ધારાસભ્ય અશોકભાઈ પટેલ, નહેરુ યુવા કેન્દ્રના સંયોજક રજનીકાંત સુથાર, ડે. મેયર કાર્તિક પટેલ, જિલ્લા પંચાયત પ્રમુખ હિનાબેન પટેલ, એન.એસ.એસ.ના રણછોડ રથવી, જયેશ ચૌધરી, મયુર જોષી સહિત મોટી સંખ્યામાં એન.એસ.એસ.ના વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

## ચિરવિદાય

- સ્વ. વિસાજી ફતાજી ઠાકોર (ઉ.વ.૫૦)
- સ્વ. ઢબુબેન કાળાજી ઠાકોર (ઉ.વ.૬૫)
- સ્વ. અવધેશસિંહ શિવચરણસિંહ ચૌહાણ (ઉ.વ.૫૪)